# રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસ ૬૦ હજારને પાર



## રાજ્યમાં કોરોના ૨૪ કલાકમાં નવા ૧૧૫૯ કેસ : ૨૨નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૪૪૦૭૪ને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા : કુલ મૃત્યુઆંક ૨૪૧૮ : ૧૩૭૦૯ દર્દી સ્ટેબલ

ગાંધીનગર,તા.૩૦
રાજ્યમાં સતત ત્રીજા દિવસે અને જુલાઈમાં ચોથીવાર કોરોના પોઝિટિવનો આંકડો ૧૧૦૦ને પાર થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૫૦૬૯ ટેસ્ટ કોરોનાના કરવામાં આવતા ૧૧૫૯ પોઝિટિવ કેસ નોંધાવ્યા હતા. આ સાથે રાજ્યમાં કોરોના કુલ સંક્રમિતનો આંકડો ૬૦ હજારને પાર થઈ ૬૦૨૮૫ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૨ મૃત્યુ નોંધાતા કુલ મૃત્યુઆંક ૨૪૧૮ થયો છે. આજે ૮૭૯ દર્દીઓ ને ડિસ્ચાર્જ કર્યા હતા. આ સાથે ડિસ્ચાર્જ થવાનો આંકડો ૪૪ હજારને પાર થઈ ૪૪૦૭૪ થયો છે. રાજ્યમાં હાલની સ્થિતિએ કુલ એક્ટિવ કેસ ૧૩૭૯૩ થયો છે. જેમાં ૮૪ વેન્ટીલેટર પર અને ૧૩૭૦૯ સ્ટેબલ છે.જુલાઈ માસના અંતિમ દિવસોમાં કોરોના પોઝિટિવના આંકડા સતત વધતા જાય છે.છેલ્લા ચાર દિવસમાં કોરોના પોઝિટિવના ચાર હજારથી વધુ કેસો નોંધાયા છે.રાજ્યના ૮ કોર્પોરેશન અને ૩૧ જીલ્લામાં કોરોનાના કેસો નોંધાયા છે.આરોગ્ય વિભાગે આપેલ યાદી મુજબ રાજ્યમાં આજે કોવિડ-૧૯ના કારણે ૨૨ મોત નોંધાયા છે.જેમાં સુરત કોર્પોરેશનમાં ૬ અને જિલ્લામાં ૪, અમદાવાદ શહેર ૫, પાટણ-૨,વડોદરા શહેરમાં ૨ ગાંધીનગર શહેર અને જીલ્લામાં ૧-૧ અને કચ્છમાં ૧ મોત કોરોનાને લીધે નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૩ અને ગ્રામ્યમાં ૧૪ સાથે ૧૫૭ કોરોના પોઝિટિવના કેસ આજે નોંધાયા હતા. આ સાથે શહેરમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૬૩૪૧ થયો છે. આજે વધુ ૫ મોત સાથે શહેરમાં કુલ ૧૫૮૯ મોત થયા છે. સુરત શહેરમાં ૨૧૭ અને ગ્રામ્યમાં ૫૪ સાથે ૨૭૧ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે સુરતમાં કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૧૨૭૮૫ થયો છે. આજે વધુ ૧૦ મોત સાથે કુલ મૃત્યુઆંક ૩૮૯ થયો છે. વડોદરા શહેરમાં ૭૮ અને ગ્રામ્યમાં ૧૮ સાથે ૯૬ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૪૫૫૮ થયો છે. આજે વધુ ૨ મોત નોંધાતા વડોદરામાં કુલ મૃત્યુઆંક ૧૦૦ થયો છે. ગાંધીનગર શહેરમાં ૨૫ અને ગ્રામ્યમાં ૧૨ સાથે આજે કોરોના પોઝિટિવનો આંકડો એક દિવસમાં ૩૭૫૨ પહોંચ્યો છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૪૪૩ થયો છે.

# રાજ્યમાં દુકાનો રાત્રે ૮ વાગ્યા સુધી અને હોટેલ-રેસ્ટોરન્ટ ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રખાશે

**રાજ્યમાં અનલોક-૩માં પહેલી ઓગસ્ટથી રાત્રિ કર્ફ્યુમાંથી મુક્તિ : મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં લેવાયો મોટો નિર્ણય : શાળા અને કોલેજો ૩૧મી ઓગસ્ટ સુધી બંધ રહેશે**

ગાંધીનગર,તા.૩૦
મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં કેન્દ્ર સરકારના દિશાનિર્દેશો અનુસાર રાજ્યમાં અનલોક-૩ અંતર્ગત કેટલીક છૂટછાટોના મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.દુકાનો રાત્રે ૮ વાગ્યા સુધી-હોટલ-રેસ્ટોરન્ટ રાત્રે-૧૦ વાગ્યા સુધી ખુલ્લા રાખી શકાશે.જિમ-યોગા સેન્ટર તા. ૫ મી ઓગસ્ટથી ખૂલશે.મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની ઉપસ્થિતિમાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં અનલૉક-૩ સંદર્ભમાં ભારત સરકારે જાહેર કરેલી ગાઈડલાઈન્સના અનુસંધાને ગુજરાત માટે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે.આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અનુસાર મુખ્યમંત્રીએ રાજ્યમાં ૧ ઓગસ્ટથી રાત્રી કરફ્યુમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવાની જાહેરાત કરી છે.

રાજ્યમાં દુકાનો ૮ વાગ્યા સુધી તેમજ હોટલ રેસ્ટોરન્ટ રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે. તેમ પણ તેમણે જાહેર કર્યુ છે.કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા અને એસ.ઓ.પી મુજબ રાજ્યમાં જીમ અને યોગ સેન્ટર પમી ઓગસ્ટથી ખોલી શકાશે.આ સિવાયની અન્ય બાબતો માટે કેન્દ્ર સરકારની પ્રવર્તમાન ગાઈડલાઈન્સને રાજ્ય સરકાર અનુસરશે એમ પણ બેઠકમાં નિર્ધારિત કરવામાં આવ્યું હતું.આ બેઠકમાં મંત્રી કૌશિક પટેલ, મંત્રી સૌરભ પટેલ, રાજ્ય મંત્રી પ્રદીપસિંહ જાડેજા, મુખ્ય સચિવ અનિલ મુકીમ, ગૃહના અધિક મુખ્ય સચિવ સંગીતાસિંહ તેમજ મુખ્યમંત્રીના અગ્ર સચિવ મનોજકુમાર દાસ વગેરે જોડાયા હતા.

## વર્ષ ૧૯૭૫ બાદ પ્રથમવાર સમયાનુકુલ અદ્યતન સુધારા

# ગુજરાત પોલીસે તૈયાર કર્યું અદ્યતન પોલીસ મેન્યુઅલ

**ઇ બુક સ્વરૂપે અંગ્રેજી સાથે ગુજરાતીમાં પણ આ મેન્યુઅલ પોલીસ દળના કર્મયોગીઓને માટે ખુબ જ ઉપયોગી થશે**



ગાંધીનગર,તા.૩૦
૧૯૭૫ના વર્ષમાં ગુજરાત રાજ્યના પોલીસ મેન્યુઅલની રચના થયાબાદ પ્રથમવાર આ નવું પોલીસ મેન્યુઅલ-૨૦૨૦ લગભગ સાડાચાર દાયકા-૪૫ વર્ષના ગાળા પછી તૈયાર કરવામાં આવેલું છે.વર્તમાન સમયમાં નવું પોલીસ મેન્યુઅલ તૈયાર કરનાર ગુજરાત, આંધપ્રદેશ પછી બીજા નંબરનું રાજ્ય છે.પોલીસિંગ માટેના અધિનિયમ, કાર્યરિતી, નિયમો અને તકનિકીમાં સમયાંતરે આવેલા બહોળા પરિવર્તનને પરિણામે ૧૯૭૫માં તૈયાર થયેલું આ મેન્યુઅલ સમકાલિન વ્યાવસાયિક સંદર્ભમાં જૂનવાણી, પુરાણું અને અસંગત હતું. પોલીસ મેન્યુઅલ માટેના જૂના નિયમોની સમીક્ષા અને સુધારણા કરી ગુજરાત પોલીસ માટે સચોટ, સર્વગાહી, સુવ્યવસ્થિત અને સમગ્રતાલક્ષી પોલીસ મેન્યુઅલ નવું તૈયાર કરવાના ભાગ રૂપે ગુજરાત પોલીસ મેન્યુઅલ-૨૦૨૦ ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે.ગુજરાત પોલીસ મેન્યુઅલના આ નવા ડ્રાફ્ટને ઈ-બુકના માધ્યમથી પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે જેથી આ ઈ-બુક પોકેટ-કો એપ્લિકેશન અને ગુજરાત પોલીસની વેબસાઈટ પર સર્ચની સુવિધા સાથે ઉપલબ્ધ રહેશે.ગુજરાત પોલીસના તમામ સંવર્ગના અધિકારીઓ સરળતાથી સમજી અને ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત પોલીસ મેન્યુઅલ ડ્રાફ્ટ ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ કરાવાશે. એટલું જ નહીં સમયાંતરે સમયાનુકુળ જરૂરી સુધારાને પણ અવકાશ રહેશે. ગુજરાત પોલીસ મેન્યુઅલ – ૨૦૨૦ ડ્રાફ્ટને ત્રણ ભાગમાં તૈયાર કરવામાં આવ્યો છે. આ ત્રણ ભાગમાં સીઆરપીસી,આઈપીસી પુરાવા અધિનિયમ,પોક્સો એક્ટ.૨૦૧૨, એસ.સી-એસ.ટી.સુધારા અધિનિયમ-૨૦૧૫, જુવેનાઈન જસ્ટિસ (સીપીસ) એક્ટ ૨૦૧૫, અનલોફૂલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) સુધારા અધિનિયમ એક્ટ-૨૦૧૪, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમ-૨૦૦૮નો સામાવેશ થયો છે.તદઉપરાંત આ ત્રણ ભાગમાં નવી ટેક્નિક જેમ કે સાયબર ફોરેન્સિક લેબ, સાયબર ક્રાઈમ તપાસ સાધનો, સોશિયલ મીડિયા મોનિટરિંગ ટૂલ્સ તેમજ અમલમાં આવેલ અન્ય સુધારાઓને પણ આવરી લેવામાં આવ્યા છે.

# રામમંદિર ભૂમિ પૂજન માટે રાજ્યના છ સંતને આમંત્રણ

**પાંચમી ઓગસ્ટે ભૂમિપૂજન કાર્યક્રમ યોજાશે – ઐતિહાસિક પળના સાક્ષી બનવા માટે તમામ સંતો આતુર**

(૧) BAPSના વડા મહંતસ્વામીજી મહારાજ
(૨) મહામંડલેશ્વર અખિલેશ્વરદાસજી મહારાજ
(૩) મુંજકાના આર્ષ વિદ્યામંદિરના આચાર્ય પરમાત્માનંદજી
(૪) SGVP ગુરુકુળના અધ્યક્ષ શાસ્ત્રી માધવપ્રિયદાસજી
(૫) સારસાના ગાદીપતિ શ્રી અવિચલદાસજી
(૬) પ્રણામી સંપ્રદાયના કૃષ્ણમણીજી મહારાજ

ઐતિહાસિક શ્રી રામ જન્મભૂમિના ભૂમિપૂજન પ્રસંગે અખિલેશ્વરદાસજીને આમંત્રણ આપવામાં આવ્યું છે જેને લઈને તેઓ ૪ ઓગસ્ટના રોજ અયોધ્યા જવા રવાના થશે. અખિલેશ્વર દાસજીએ કહ્યું કે શ્રીરામ જન્મભૂમિના ભૂમિપૂજન પ્રસંગે આમંત્રણ મળવું એ ગૌરવની ક્ષણ છે. આખરે અમારી મહેનત રંગ લાવી છે ૨૦૦ જેટલા સાધુ સંતોને આમંત્રણ અપાઈ રહ્યું છે ત્યારે મને પણ ફોનના માધ્યમથી આમંત્રણ મળ્યું છે. તમામ અવરોધો આખરે દૂર થતાં હવે મંદિર બની રહ્યું છે, ત્યારે જીવનનો સૌથી મોટો ઉદેશ પૂરો થઈ રહ્યો છે.

# જીટીયુ પરીક્ષામાં વિદ્યાર્થીઓનો ડેટા લિક થતાં તંત્ર દોડતું થયું

**ઓનલાઈન પરીક્ષામાં ધબડકો : ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર, રજિસ્ટ્રાર સહિતના અધિકારીઓ દ્વારા તપાસ શરૂ**

અમદાવાદ, તા. ૩૦
છાશવારે વિવાદોમાં રહેતી ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી પરીક્ષાને લઈ વિવાદમાં સપડાઈ છે. કોરોનાના વધતા કેસને પગલે ઓનલાઈન એક્ઝામ લેવાઈ રહી છે. ત્યારે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓનો ડેટા લીક થતા ર્ેમાં હડકમ્પ મચ્યો છે. અને અધિકારીઓ એ હવે તપાસ શરૂ કરી છે.

કોરોનાના કેસ વધી રહ્યા છે. જેને પગલે ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા યોજાઈ રહી છે. જોકે ઓનલાઈન પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓના ડેટા લીક થતા ર્ેમાં હડકંપ મચવા પામ્યો હતો. ર્ે વાઈસ ચાન્સેલર, રજિસ્ટ્રાર સહિતના અધિકારીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી.

આ અંગે ર્ેના રજિસ્ટ્રાર કે. એન.ખેરએ જણાવ્યું કે જીટીયુ સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરશે. ડેટા લોકલ સર્વર માંથી લીક થયો કે ક્યાંથી તેની તપાસ ચાલુ છે. વિદ્યાર્થીઓના ફોટા અને આઈડી લીક થયા છે. પરીક્ષાની કોઈ માહિતી કે પેપર લીક થયું નથી. એજન્સી દ્વારા ડેટા લીક થયો કે કેવી રીતે તેની તપાસ ચાલી રહી છે. ૧૨૬૦ વિદ્યાર્થીઓનો ડેટા લીક થયો હોય એવું લાગે છે. જેમાં પ્રિ ટેસ્ટ આપનાર વિદ્યાર્થીઓનો ડેટા હોય તેવું લાગે છે.

# સાબરકાંઠામાં ૩૦ દિવસમાં ૩૯.૬૪ લાખ દંડ વસુલાયો

**માસ્ક ન પહેરનાર અને જાહેરમાં થૂંકનારા ૧૯ હજારથી વધુ દંડાયા**

હિંમતનગર, તા. ૩૦
સાબરકાંઠા જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કોરોના સંક્ર્મણનો વ્યાપ વધી રહ્યો છે. કોરોના વાયરસ સંક્ર્મણને રોકવા માટે માસ્ક ફરજીયાત તેમજ જાહેરમાં થુંકવાની પણ મનાઈ છે. જેથી માસ્ક ના પહેરનાર અને તેમજ જાહેરમાં થુંકવાથી કોરોના વાયરસના સંક્રમણનો ફેલાવો થઈ શકે છે. જેથી આ બંને બાબતો પરત્વે જિલ્લા વહિવટીતંત્ર ખુબ જ સાબદુ અને સતર્ક છે. તેમજ દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે. જે અનુસાર તા. ૧ થી ૩૦ જુલાઈ સુધીમાં ૧૯૦૯૮ લોકો પાસેથી રૂ. ૩૯,૬૪,૨૦૦ દંડ વસુલાયો હતો.

સાબરકાંઠા જિલ્લામાં માસ્ક ફરજીયાત છે અને માસ્ક ના પહેરનાર પાસેથી રૂ. ૨૦૦ના દંડની જોગવાઈ છે. હાલ કોરોના વાયરસના સંક્રમણનો ફેલાવો રોકવાનો સૌથી ઉત્તમ ઉપાય માસ્ક પહેરવુ અને વારંવાર સાબુથી હાથ ધોવા તેમજ સ્વચ્છતા રાખવી જેવા ઉપાયો જરૂરી બન્યા છે માટે સાબરકાંઠા જિલ્લામાં માસ્ક ફરજીયાત છે. સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં માસ્ક ન પહેરનાર અને જાહેરમાં થુંકનાર ૧૯,૦૯૮ લોકો પાસેથી રૂ. ૩૯,૬૪,૨૦૦ દંડ વસૂલાયો હતો.

આગામી તા.૧ ઓગસ્ટ ૨૦૨૦થી સમગ્ર ગુજરાતમાં માસ્ક ન પહેરનારાઓ પાસેથી દંડ પેટે ૫૦૦ રૂ. વસુલવામાં આવશે. તેમજ નાગરીકોને આસાનીથી માસ્ક ઉપલબ્ધ થઈ શકે તે માટે અમુલ પાર્લર પરથી માત્ર બે રૂ.નજીવી કિંમતમાં ૧૦ રૂ. માં પના પેકીગમાં મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આમ સાબરકાંઠા જિલ્લામાં લોકોને કોરોના વાયરસ અંગે વધુ જાગૃતિ આવે અને લોકો સરકારની ગાઈડ લાઈનનુ પાલન કરે તે માટે કોરોનાના સંક્રમણને રોકવા માસ્ક ન પહેરનાર અને જાહેરમાં થુકનાર લોકોને કડકાઈથી દંડ વસૂલવામાં આવે છે.

# રાજ્યના અનેક વિસ્તારોમાં ૧લીથી વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૩૦
રાજ્યમાં ચોમાસાનું આગમન તો થઈ ગયું છે, પરંતુ રાજ્યના કેટલાક ભાગો હજુ પણ વરસાદની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યાં છે. અગાઉ સૌરાષ્ટ્રમાં જ કૃપા વરસાવીને મેઘરાજાએ વિરામ લીધો છે, ત્યારે હવે હવામાન વિભાગે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરી છે. બંગાળની ખાડીમાં સાયક્લોનિક સર્ક્યૂલેશનની અસરના પગલે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં બુધવારે વેધર વૉચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. જેમાં જણાવાયું હતું કે, “અત્યાર સુધી રાજ્યમાં સિઝનનો ૪૧ ટકા વરસાદ વરસ્યો છે. બંગાળની ખાડીમાં સક્રિય થયેલા સાયક્લોનિક સર્ક્યૂલેશનની અસરથી ગુજરાતમાં આગામી શુક્રવારથી ભારે વરસાદ વરસી શકે છે.

જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ ઉપરાંત સૌરાષ્ટ્રના પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ અને ગિરસોમનાથ જિલ્લાના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે.

## કોરોના બેકાબૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે મહારાષ્ટ્રમાં બીજા નંબરે ૯,૨૧૧ કેસો નોંધાયા હતચયા.ત્રીજા નંબરે તામિલનાડુમાં ૬,૪૨૪ કેસો નોંધાયા હતા. અનલોક-૩નો પહેલી ઓગસ્ટથી અમલ થઈ રહ્યો છે અને વધુ છૂટછાટો સાથે લોકોની વધારે અવરજવર વધતાં કેસો વધવાની શક્યતા નકારી શકાય તેમ નથી. તામિલનાડુએ ૩૧ ઓગસ્ટ સુધી લોકડાઉન લંબાવીને દર રવિવારે સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી છે.

આજે સવારે આરોગ્ય મંત્રાલય દ્વારા આંકડા જાહેર કરવામાં આવ્યાં ત્યારે દેશમાં ૨૪ કલાકમાં રેકોર્ડ ૫૨ હજાર ૨૬૩ નવા દર્દી વધ્યા હતા.. ચાલુ સપ્તાહમાં આ બીજી વખત બન્યુ છે જ્યારે સંક્રમિતોનો આંકડો ૫૦ હજારને પાર થઈ ગયો છે. આ પહેલા ૨૫ જુલાઈએ ૫૦ હજાર ૭૨ કેસ મળ્યા હતા. અત્યાર સુધી ૧૫ લાખ ૮૪ હજાર ૩૮૪ લોકો સંક્રમિત થઈ ચુક્યા છે. સાથે જ મૃતકોનો આંકડો ૩૫ હજારને પાર થઈ ચુક્યો છે.જો કે દેશમાં ૧૦ લાખ ૬ હજારથી વધુ દર્દી સાજા થઈ ચુક્યા છે. ૫ લાખ ૮ હજારથી વધુ દર્દીઓ હાલમાં સારવાર હેઠળ છે.

## બેંકનો કબજો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંપૂર્ણ રીતે સેફ છે. તેમણે કહ્યું હતું કે, યસ બેંકનું બધું દેવું તેઓ ચૂકતે કરશે પછી તેના માટે પોતાની પ્રોપર્ટી પણ વેચશે. તો બીજી તરફ લોન આપવામાં અનિયમિતતા મામલે પૂછપરછ દરમિયાન અનિલ અંબાણીએ બેંકના પૂર્વ ડાયરેક્ટર રાણા કપૂર, તેમની પત્ની અથવા દીકરી કે પછી તેમના નિયંત્રણમાં રહેલી કોઈ કંપની સાથે સંબંધ ન હોવાનું જણાવ્યું હતું .ઈડીએ મે મહિનામાં જ રાણા કપૂર અને તેમની દીકરીઓ વિરુદ્દ યસ બેંક ફ્રોડ કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે. હાલમાં બેંકના ડાયરેક્ટર તરીકે પ્રશાંત કુમાર કામકાજ સંભાળી રહ્યા છે.

## પુજારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યસભામાં વિપક્ષના નેતા, સંસદમાં અન્ય પક્ષોના નેતાઓ તથા રાજ્યોના મુખ્યમંત્રીઓને નિમંત્રણ મળવું જ જોઈએ. તેના બદલે ટ્રસ્ટે ભાજપ-સંઘના નેતાઓને જ નિમંત્રણ આપ્યું છે. ઘણા મુખ્યમંત્રીઓ કેન્દ્ર સમક્ષ નારાજગી પણ વ્યક્ત કરી છે.

## આક્રોશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારી કચેરીઓ પણ બંધ હતી જયારે હવ અનલોક વન બાદ સરકારી કચેરીઓમાં પણ વિશેષ ધમધમાટ જોવા મળે છે. ગાંધીનગર પાટનગર હોવાના નાતે અનેક વિધ સરકારી કચેરીઓ અહીં કાર્યરત છે.જયારે સરકારી કચેરીઓમાં રાજયના વિવિધ શહેરોમાંથી આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ હોય છે. આવા સંજોગોમાં સરકારી કચેરીઓમાં પણ કોરોનાનુ સંક્રમણ વધુ ફેલાય તેવી શકયતા છે. ત્યારે કર્મચારીઓએ પણ પોતાની કાર્યપધ્ધતિ બદલી છે. પરંતુ કોરોના કાળમાં શરૂઆતના તબક્કે કેટલીક કચેરીઓમાં સેનેટાઇઝ થવા માટે ટનલ મુકવામાં આવી હતી. પાટનગર યોજના ભવનમાં પણ આ પ્રકારની સેનેટાઇઝ ટનલ મુકવામાં આવી હતી પરંતુ હાલ મુલાકાતીઓ તેમજ કર્મચારીઓની અવરજવર વધી છે. ત્યારે આ ટનલ છેલ્લા ઘણાં સમયથી બંધ છે. જયારે માર્ગ મકાન વિભાગની સર્કલ કચેરીમાં પણ એક મહીલા કર્મચારીને કોરોના પોઝિટીવ આવ્યા બાદ વિભાગના કર્મચારીઓ વધુ સર્તક બન્યા છે. આવા સંજોગોમાં લાંબા સમયથી બંધ આ ટનલ ચાલુ કરવા માટે પણ કર્મચારીઓમાં માંગણી ઉઠવા પામી છે. ટનલ કાર્યરત હોય ત્યારે બહારથી આવતા કર્મચારીઓ સેનેટાઇઝ થઇને જ કચેરીમાં દાખલ થાય છે આવા સંજોગોમાં સંક્રમણનો ખતરો પણ ઓછો થઈ જતો હોવાનુ કર્મચારીઓ માની રહ્યા છે.

## વરસાદી ઝાપટું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યથાવત રહ્યા હતા જયારે નિખરેલા વરસાદી વાદળો વચ્ચે આકાશી ગર્જના પણ સતત કાને અથડાતી હતી. જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૪૦ ટકા વરસાદ થયો છે. જયારે સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાત સહીતના વિસ્તારની સાપેક્ષમાં મધ્ય અને ઉત્તર ગુજરાતમાં વરસાદ ઓછો છે. જયારે હવામાન તજજ્ઞોનાના મતે આગામી તા ૧ ઓગષ્ટથી વરસાદના યોગ સારા છે. આગામી દિવસામાં ભારે વરસાદ પડવાની સંભાવના પણ તેમણે વ્યકત કરી છે.

## વધુ ૨૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાંથી એક ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર ૨૧૫ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૮,૬૩૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ નોંધાયેલા દર્દીઓ કરતાં રિકવર થયેલા દર્દીઓને વધારે રજા અપાઈ છે જે ગ્રામ્ય વિસ્તાર માટે સારા સમાચાર છે. આજે વધુ ૩૦ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ અપાયેલ છે. આમ છેલ્લા બે દિવસમાં જ ૬૭ દર્દીઓને રિકવરી થતાં ડિસ્ચાર્જ અપાયેલ છે.

## વધુ ૧૨ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ત્રણ દંપત્તિઓ પોઝીટીવ જણાયા છે. જેમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એક જાણીતા જનરલ સર્જનના પરિવારનો પણ સમાવેશ થાય છે. જેઓ સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ થયા છે.

એક શિક્ષક દંપત્તિ તેમજ એક વેપારી દંપત્તિ પણ કોરોનાની ઝપટમાં આવેલ છે. આ ઉપરાંત એક બેંક ક્લાર્ક, એક વિદ્યુત સહાયક, એક માનવ અધિકાર આયોગના કર્મયોગીનો પણ સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨-સી માંથી એક ૫૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ ગૃહણીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૭ માં રહેતા અને માનવ અધિકાર આયોગના ૩૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કર્મયોગીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

સે. ૧૭ની એક ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. ગૃહીણીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

છાલાનું એક શિક્ષક દંપત્તિ જે સે. ૫ માં રહે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ દંપત્તિના પરિવારના બે સભ્યોને પણ તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૫ માં રહેતા અને સે. ૧૫ માં કરિયાણાનો વેપાર કરતા એક દંપત્તિનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માં રહેતા અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સર્જન તરીકે સેવા આપતા એક તબીબી અધિકારી તેમજ તેમના પત્ની જેઓ ગાંધીનગર સમાચારના કોલમીસ્ટ પણ છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિને સારવાર માટે અમદાવાદની સ્ટર્લીંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આઈસીઆઈસીઆઈ બેંકમાં ક્લાર્ક તરીકે કુડાસણ બ્રાન્ચમાં નોકરી કરતી અને સે. ૮ માં રહેતી એક ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેણીનીના પરિવારના બે સભ્યોને પણ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ખાનગી વ્યવસાય સાથે સંકળાયેલ અને સે. ૧ માં રહેતા ૫૪ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તેમના પરિવારના ૬ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

જી.ઈ.બી. કોલોનીમાં રહેતા અને વિદ્યુત સહાયક તરીકે સેવા આપતા એક કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીને પણ સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ તેના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં કેસોની સંખ્યા વધવાની સાથે સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતા બેવડાઈ છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ અત્યાર સુધીમાં ફાયરની ટીમ દ્વારા ૧૨૦૦ થી વધુ આવાસોમાં સેનીટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં નોંધાયેલા કેસોમાંથી હાલ ૧૧૫ જેટલા દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૩૪૬ દર્દીઓને રિકવર થઈ જતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં હાલ ૪૦૦ જેટલા લોકો ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.